# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

પી.જી.વી.સી.એલ. રજી. અને કોર્પોરેટ કચેરી, લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**

પી.જી.વી.સી.એલ./સીજીઆરએફ/૧૫/ક્વા-૨/૨૧-૨૨/૫૨૮૮-૩ તા.૦૯-૦૯-૨૦૨૧

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટ સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૧૫/ક્વા-૨/૨૧-૨૨

અરજદાર : માધવજીભાઈ દેશાભાઈ મયાત્રા ગામ: ધોરાજી
પેટા વિભાગીય કચેરી : ધોરાજી શહેર
રજૂઆત કરનાર : અરજદાર માધવજીભાઈ દેશાભાઈ મયાત્રા હાજર રહેલ છે.

## :: વિરુધ્ધ ::

સામાવાળા : કાર્યક્ષેત્ર : પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી - ધોરાજી
રજૂઆત કરનાર : કાર્યપાલક ઈજનેર શ્રી જે.એ.ગોસાઈ પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી - ધોરાજી

## :: કોરમ ::

૧) ચેરપર્સન - શ્રી જે.બી. પારેખ
૨) મેમ્બર સ્વતંત્ર - શ્રીમતી નિતીનાબેન એચ. જોષી

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી, રાજકોટ
તારીખ: ૦૩-૦૯-૨૧ (શુક્રવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા.૦૩-૦૯-૨૧(શુક્રવાર) ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં ઉપર મુજબના પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદાર રજુઆતમાં જણાવે છે કે તેઓ ગ્રાહક નં.૩૩૭૦૯/૧૧૦૦૬/૮ થી ધોરાજી શહેર પેટાવિભાગીય કચેરી હેઠળ રહેણાંક વીજજોડાણ ધરાવે છે. સદર વીજજોડાણમાં અરજદાર દ્વારા વર્ષ ૨૦૧૮ માં સોલાર રૂફટોપ સીસ્ટમ લગાવવામાં આવેલ છે. સદર સોલાર સીસ્ટમ અંતર્ગત અરજદાર દ્વારા પાવર પરચેઝની રકમ એકપણ વખત ઉપાડવામાં આવેલ નથી. જેથી અરજદાર દ્વારા તા.૦૫.૦૫.૨૦૨૧ ના રોજ સદર રકમના રીફંડ માટે સલંગ્ન પેટાવિભાગીય કચેરી ખાતે અરજી કરેલ. સદર અરજીના અનુસંધાને પી.જી.વી.સી.એલ. દ્વારા તા.૨૩.૦૬.૨૦૨૧ ના રોજ રૂ.૭૮૦૩.૮૪/- જમા આપવામાં આવેલ. પરંતુ અરજદારના હિસાબ મુજબ

ખરેખર રૂ.૨૦૬૮૦/- મજરે મળવાપાત્ર થાય છે. જેના અનુસંધાને અરજદાર દ્વારા સલંગ્ન પેટાવિભાગીય કચેરી ખાતે તા.૨૯.૦૬.૨૦૨૧ ના રોજ લેખિત રજૂઆત કરવામાં આવેલ. વધુમાં લાઈટ બીલ ની મુદત વીત્યે દંડ વસુલે છે તો અમારી જમા રકમ શા માટે જમા આપેલ નથી. આમ, અરજદાર દ્વારા અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજૂઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ અરજદારની રજૂઆત અન્વયે - પી.જી.વી.સી.એલ. પક્ષકાર તરફથી જણાવાયેલકે શહેર પેટાવિભાગીય કચેરી ધોરાજીના કાર્યક્ષેત્ર હેઠળના શ્રી માધવજીભાઈ દેશાભાઈ મયાત્રાના રહેણાક વીજજોડાણ ગ્રાહક નં. ૩૩૭૦૯/૧૧૦૦૬/૮ ની સોલાર પાવર પરચેઝની રકમ જમા આપવા બાબતની અરજી અનુસંધાને વિગતવાર માહિતી નીચે મુજબ છે.

૩.૧ અરજદારશ્રી માધવજીભાઈ દેશાભાઈ મયાત્રા (ગ્રાહક નંબર ૩૩૭૦૯/૧૧૦૦૬/૮) તા.૨૯.૦૬.૨૦૨૧ ની અરજી મુજબ તેઓશ્રી દ્વારા એપ્રિલ-મેં બીલ્ડ ઇન જુન-૨૦૨૧ ના વીજબીલ મુજબ રકમ રૂ.૨૦૬૮૦.૦૦ ની માંગણી કરેલ.

૩.૨ અરજદાર રૂબરૂ ઓફિસે આવીને રજૂઆત કરતા અરજદારને મૌખિક સમજાવેલ પરંતુ તે બાબત તેમને માન્ય ન હોય અરજદાર દ્વારા લેખિતમાં રજૂઆત કરેલ જે બાબતની જાણ પત્ર નંબર DTSD/REV/2021/2075 તારીખ-૩૦.૦૬.૨૦૨૧ થી વિભાગીય કચેરીને કરવામાં આવેલ. ત્યારબાદ વિભાગીય કચેરી દ્વારા પત્ર નંબર ડીડી/રેવ/સોલાર રીફંડ/૪૯૨૬ તારીખ-૦૭.૦૭.૨૦૨૧ થી જાણ મળેલ જે બાબતની ગ્રાહકને DTSD/REV/2021 2283 તારીખ-૨૭.૦૭.૨૦૨૧ જાણ કરેલ હતી.

૩.૩ અરજદાર વર્ષ-૨૦૧૮ થી સોલાર રૂફટોપ સીસ્ટમ ધરાવતા હોઈ વર્ષ-૨૦૧૮ થી તા.૨૯/૦૬/૨૦૨૧ સુધી સોલાર પાવર પરચેઝની રકમની રિફંડની માંગણી કરેલ નથી. જયારે પી.જી.વી.સી.એલ. દ્વારા સોલાર રીફંડ ચેક થી કરવામાં આવતું ત્યારે ગ્રાહકે અરજી આપેલ ન હતી.

૩.૪ નાણાકીય વર્ષ એપ્રિલ-૨૦ થી માર્ચ-૨૧ સુધીની રકમ રૂ.૭૮૦૩.૮૪ પી.જી.વી.સી.એલ. ની નિગમિત કચેરીની ગાઈડલાઈન્સ પત્ર નં - **PGVCL/REV/2021-22/LTB-/NO.326 Dt.08/06/2021** મુજબ ગ્રાહકને તેના બેંક ખાતામાં **NEFT** દ્વારા જમા આપેલ છે.

૩.૫ સદર ગ્રાહકને વર્ષ-૨૦૧૮ થી એપ્રિલ-મેં બીલ્ડ ઇન જુન-૧૮ થી માર્ચ-૨૦૨૦ સુધીની રકમ રૂ.૧૦૧૭૧.૬૮ સદર ગ્રાહકને સોલાર પાવર પરચેઝની રકમ રીફંડ મળવા પાત્ર છે.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખિત તેમજ મૌખિક રજૂઆત તથા સામાવાળાની લેખિત તેમજ મૌખિક રજૂઆત અને રજૂ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ દ્વારા નીચે મુજબનો નીર્ણય કરાયેલ છે.

૪.૧ શહેર પેટા વિભાગ કચેરી ધોરાજીના કાર્યક્ષેત્ર હેઠળના અરજદાર શ્રી માધવજીભાઈ દેશાભાઈ મયાત્રાના રહેણાક વીજજોડાણ ગ્રાહક નં. ૩૩૭૦૯/૧૧૦૦૬/૮ ધરાવે છે. સદર વીજ જોડાણમાં તેઓ દ્વારા વર્ષ-૨૦૧૮ થી સોલાર રૂફ્ટોપ સીસ્ટમ લગાડેલ હોય જેની જમા રકમ એકપણ વાર કપાયેલ ન હોય માહે માર્ચ-૨૦૨૧ સુધી ની તમામ રકમ જમા આપવા અરજી આપેલ પરંતુ પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા વર્ષ-૨૦૨૦-૨૧ દરમ્યાન જમા થયેલ રકમ તા.૨૩-૦૬-૨૦૨૧ ના રોજ જમા રૂ.૭૮૦૩.૮૪ મળેલ છે જેથી અરજદારને વર્ષ-

૨૦૧૮ થી સોલાર રૂફટોપ સીસ્ટમના જમા થયેલ તમામ રકમ એક સાથે મળેલ ન હોય અરજદારે અત્રેના ફોરમ સમક્ષ રજૂઆત કરેલ છે.

૪.૨ ઉપરોક્ત બાબતે અરજદારની અરજી મુજબ તેઓને બિલીંગ માહે એપ્રિલ-મેં બીલ્ડ ઇન જુન-૨૦૨૧ ના વીજબીલ મુજબ રકમ રૂ.૨૦૬૮૦.૦૦ ની માંગણી કરેલ જે બાબતે સામેવાળા દ્વારા અરજદારની રૂબરૂ મુલાકાત દરમ્યાન સોલારની જમા થયેલ મળવા પાત્ર રકમ બાબતે મૌખિક સમજાવેલ તેમજ અરજદારને લેખિત પત્ર તારીખ.૨૭.૦૭.૨૦૨૧ થી જાણ કરેલ હતી.

૪.૩ અરજદાર વર્ષ-૨૦૧૮ થી સોલાર રૂફટોપ સીસ્ટમ ધરાવે છે પરંતુ સામેવાળાની રજૂઆત મુજબ વર્ષ-૨૦૨૦-૨૧ અગાઉ સોલાર પાવર પરચેઝની રિફંડની રકમ અરજદારની અરજીના આધારે ચેકથી આપવામાં આવતી હતી. પરંતુ સદર કેઈસમાં અરજદાર દ્વારા વર્ષ-૨૦૨૦-૨૧ અગાઉ સોલાર રીફંડ માટે અરજી આપેલ ન હોય કાર્યવાહી થયેલ નથી.

૪.૪ પી.જી.વી.સી.એલ.ની નિગમિત કચેરીની ગાઈડલાઈન્સ પત્ર નં - **PGVCL/REV/2021-22/LTB-/NO.326 Dt.08/06/2021** મુજબ એકજ નાણાકીય વર્ષ-૨૦૨૦-૨૧ દરમ્યાન સોલાર સીસ્ટમ દ્વારા જમા થયેલ યુનીટની રકમ રૂ.૭૮૦૩.૮૪ ગ્રાહકને તેના બેંક ખાતામાં તા.૨૩-૦૬-૨૦૨૧ ના રોજ **NEFT** દ્વારા જમા આપેલ છે.

૪.૫ અરજદારની રજૂઆત મુજબ તેઓને વર્ષ-૨૦૧૮ થી એપ્રિલ-મેં બીલ્ડ ઇન જુન-૧૮ થી માર્ચ-૨૦૨૦ સુધીની રકમ રૂ.૧૦૧૭૧.૬૮ સોલાર પાવર પરચેઝની રકમ રીફંડ આપવા પાત્ર છે. જે રકમ અરજદારને સત્વરે નિયમાધીન આપવા પી.જી.વી.સી.એલ. પક્ષકારને સુચના આપવામાં આવે છે. વધુમાં અરજદારને સોલાર રૂફટોપ સીસ્ટમ દ્વારા જમા થયેલ યુનીટની રકમ આપવામાં ડીવીઝન-સર્કલ વચ્ચે જરૂરી ફંડ અંગેની કાર્યવાહી કરવામાં વિલંબ થયેલ પી.જી.વી.સી.એલ. દ્વારા ઇરાદાપૂર્વકનો વિલંબ થયેલ નથી, તેથી અરજદારની વળતર અંગેની માંગણી ગ્રાહ્ય રાખી શકાય નહિ.

૪.૬ ઉપરોક્ત મુદ્દા નં.૪.૫ મુજબની વિગતે હુકમ કરવામાં આવે છે. સદર બાબતે કરાયેલ કાર્યવાહીનો વિગતવાર રીપોર્ટ ફોરમને દિવસ-૩૦ માં કરવા પીજીવીસીએલ પક્ષકારને સુચના આપવામાં આવે છે.

૪.૭ આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

| | |
|---|---|
| (એન.એચ.જોષી) | (જે.બી.પારેખ) |
| સભ્ય (સ્વતંત્ર) | ચેરપર્સન |

નોંધ:

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૯ જાહેરનામા નં.૨/૨૦૧૯ ની કલમ ૩.૧૯ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૯ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(૩) લોકપાલનું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯